

## સરદાર સરોવર નર્મદા ડેમના ૨૩ દરવાજા ખોલવામાં આવ્યાં

નર્મદા જિલ્લામાં કેવડીયા કોલોની ખાતેના સરદાર સરોવર ડેમની ઉપરવાસમાં આવેલા ઈન્દીરા સાગર ડેમ અને ઓમકારેશ્વર ડેમમાંથી આશરે ૫ લાખ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે, જે પાણી સરદાર સરોવરમાં દાખલ થતાં આજે સવારે ૮ કલાકે સરદાર સરોવર ડેમની સપાટી ૧૩૧.૨૮ મીટર જેટલી નોંધાયેલ હતી. આ સમયે સરદાર સરોવર ડેમમાં ૧૫ ગેટ ૩.૧૩ મીટર જેટલા ખોલવામાં આવ્યા હતાં અને ભરૂચ તરફ ૨,૬૮,૮૦૮ ક્યુસેક જેટલું પાણી વહી રહ્યું હતું. આ સમયે ડેમમાં ૭,૨૧૬ મીલીયન ક્યુસેક મીટર પાણીનો ગ્રોસ સ્ટોરેજ થયેલો હતો, જેમાં લાઈવ સ્ટોરેજ ૩,૫૧૬ મિલીયન ક્યુબીક મીટર જેટલો નોંધાયેલ હતો. આજે સવારે ૧૧ કલાકે ડેમના ૨૩ ગેટ ૨.૮૫ મીટર જેટલા ખૂલ્લા કરવામાં આવ્યા છે. આ સમયે ૪.૧૦ લાખ ક્યુસેક જેટલો પાણીનો ફ્લો ભરૂચ તરફ વહી રહ્યો છે. અત્યારે ઈનફ્લો ૩.૭૬ લાખ ક્યુસેક જેટલો નોંધાયેલ છે. આજે સાંજે ૪.૦૦ કલાકે નર્મદા ડેમની સપાટી ૧૩૧.૧૫ મીટરે નોંધાઈ હતી.

# શહેરના બગીચાઓના નવીનીકરણની દરખાસ્ત સ્થાયી સમિતિમાં મંજૂર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં વિવાદાસ્પદ બનેલ બગીચાઓના નવીનીકરણ સહિતની તમામ દરખાસ્તોને બહાલી આપવામાં આવી હતી.

મનપાની સ્થાયી સમિતિની બેઠક આજે ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળી હતી. આજની બેઠકમાં ૫ મી ઓગષ્ટના રોજ મુલ્તવી રાખવામાં આવેલ મુદ્દાઓ જ રજુ કરવામાં આવ્યા હતા.

આજે બેઠકમાં મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ અને ડે. મ્યુનિ. કમિશનર દવે કોરોનાથી સંક્રમિત થયા હોવાથી તેમના સ્થાને નવનિયુક્ત ડૉ. જિતેન્દ્ર અગ્રવાલે હાજરી આપી હતી.

આજની બેઠકમાં કાઉન્સીલરોને વધારાના ૩૦૦ નંગ ટ્રી ગાર્ડ ના આપવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી હતી. સ્થાયી સમિતિની બેઠક પર સંગઠનના ભારે દબાણની અસરો પણ જોવા મળતી હતી.

આજની બેઠકમાં નવા વાહનો ખરીદવા બાબતે સરકારના પરિપત્રને ધ્યાને લઈ આગળ વધવા માટે કમિશનરને સત્તા આપવામાં આવી છે. આ ઉપરાંત બગીચાઓના નવિનીકરણમાં કોઈ પણ પ્રકારના એકસેસ ખર્ચને મંજૂરી આપતાં પહેલાં સ્થાયી સમિતિની મંજૂરી લેવાની રહેશે તેવી સરત પણ લાદવામાં આવી છે. જોકે આ ટેન્ડરોને બહાલી આપવામાં આવી છે.

મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં કમિશનર, ડે. મ્યુનિ. કમિશનર તેમજ સીટી ઈજનેર ઝડપથી સ્વસ્થ થઈ અને પુનઃ તેમની સેવાઓ મનપાને મળતી થાય તેવી લાગણી અને પ્રાર્થના પણ સભ્યોએ કરી હતી.

આ બેઠકમાં નવનિયુક્ત ડે. મ્યુનિ. કમિશનર ડૉ. જિતેન્દ્ર અગ્રવાલ યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા.

# શહેરમાં કોરોનાના વધુ ૧૬ કેસ

### આજે સે. ૩ માંથી ૨, સે. ૨૦ માંથી ૨, સે. ૨૮ માંથી ૨, સે. ૩૦ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૩, ૪, ૧૩, ૧૪, ૨૧, ૨૬, ૨૯ અને ધોળાકુવામાંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૮૦૦ ની નજીક એટલે કે ૭૯૨ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોની સંખ્યાને લઈ તંત્રની ચિંતા વધી છે જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશન છે કે લોકલ ટ્રાન્સમિશન તેને લઈ તંત્ર હજુ પણ દ્વિધામાં છે.

શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે ૧૨ દર્દીઓને રિકવરી પ્રાપ્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૬૨૮ દર્દીઓ કોરોના મુક્ત થયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં નહેરૂ યુવા કેન્દ્રનો એક યુવક, સ્પોર્ટસ ઓથોરોટી ઓફ ઈન્ડિયાના મેનેજર, રિયલ એસ્ટેટના ધંધાર્થી, પોલીસ, આંગણવાડી કાર્યકર, તબીબ, સેલ્સમેન તેમજ ઓફિસ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા યુવાનનો સમાવેશ થાય છે.

આજે સે. ૩ માંથી ૨, સે. ૨૦ માંથી ૨, સે. ૨૮ માંથી ૨, સે. ૩૦ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૩, ૪, ૧૩, ૧૪, ૨૧, ૨૬, ૨૯ અને ધોળાકુવામાંથી મળી આવેલા કેસોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં રહેતા અને સોલા પોલીસમાં ફરજ બજાવતા એક ૩૮ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ જવાનના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૪ માં રહેતા અને રિઅલ એસ્ટેટના બિઝનેશ સાથે સંકળાયેલ એક ૨૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

દિલ્હી લોજીસ્ટીકમાં નોકરી કરતા અને સે. ૩ માં રહેતા એક ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩ માં રહેતા અને સાઈમાં મેનેજર તરીકે સેવારત ૪૧ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાના - ૭ પર

## ગ્રામીણ વિસ્તારમાં ૧૯ કેસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૯ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા પણ વધુ નોંધાઈ છે.

આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૧૯ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૧૧, દહેગામમાં ૧, માણસામાં ૨ અને કલોલના ૫ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા ૧૧ કેસમાં કુડાસણ ખાતેથી એક બે વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. કુડાસણમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. કુડાસણ એ કોરોના માટે અતિ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભર્યુ હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે છાલામાંથી ૭૦ વર્ષના વૃદ્ધ અને ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છાલામાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રમાં એક વધુ ચિંતા ઉમેરાઈ છે.

અંબાપુરમાંથી એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાં આજે ૩ કેસ મળ્યા છે અને તે મહિલા દર્દીઓના છે. રાંદેસણ ગામેથી એક ૨૬ વર્ષીય મહિલા, ૨૫ વર્ષીય પુરૂષ અને ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લાના ૨૬ ઔદ્યોગિક વસાહત-વિસ્તારોમાં મચ્છરોના હેવી બ્રિડીંગ મળતાં નોટીસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમો આજે જિલ્લાના ઔદ્યોગિક અને વિસ્તારો અને તેના કોમ્પલેક્ષ પર ત્રાટકી હતી.

મેલેરિયાતંત્રની યાદીમાં જણાવાયા મુજબ તંત્રની ટીમોએ ૬૦૮ ઔદ્યોગિક વિસ્તાર, કોમર્શીયલ કોમ્પલેક્ષની મુલાકાત લઈ ૫૭૩૬ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી હતી. જેમાંથી ૬૨૮ જગ્યા પર મચ્છરોના પોરા મળી આવતાં તંત્રની ટીમો દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.



આ ચકાસણી દરમ્યાન ૨૬ જેટલા ઔદ્યોગિક વિસ્તાર-વસાહતના સંચાલકોને તંત્રની ટીમે નોટીસ ફટકારી હતી. તંત્ર દ્વારા છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી આ ઝુંબેશમાં ૧૦૦ થી વધુ લોકોને નોટીસો આપવામાં આવી છે.

તંત્ર દ્વારા આ અભિયાનમાં વસાહતો અને વિસ્તારોના નોડલ ઓફિસરોને નિયુક્ત કરી મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા અંગેના પગલાંઓની ખાસ તાલિમ પણ આપવામાં આવી હતી.

તંત્રની યાદીમાં જણાવાયા મુજબ ગાંધીનગર તાલુકાના ૧૩૬ ઔદ્યોગિક વિસ્તાર અને વસાહતોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૦૬૧ સંભવિત ઉત્પત્તિ કેન્દ્રોની ચકાસણી દરમ્યાન ૨૫૪ જેટલા સ્થાનોએથી પોરા મળી આવ્યા હતા.

દહેગામ અને કલોલમાં ઔદ્યોગિક એકમો વિસ્તરેલા હોવાથી ત્યાં પણ તંત્રની ટીમો દ્વારા સઘન તપાસ કરવામાં આવી હતી.

માણસામાં ૧૨૫ જેટલા ઔદ્યોગિક વિસ્તાર અને વસાહતોની તપાસ કરવામાં આવી હતી.

તંત્રએ સ્પષ્ટ જણાવ્યુ છે કે આ તપાસ અભિયાન સમગ્ર ચોમાસા દરમ્યાન ચાલુ રહેશે. ફરીથી તેજ સ્થાનોએથી પોરા મળશે તો પછી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરના કાર્યાલય બહાર સિક્યુરીટી ગાર્ડ જ માસ્ક વિના ફરજ બજાવી રહ્યા છે. શહેરમાં માસ્ક ફરજિયાત પહેરવા માટે સતત આમ નાગરિકોને જાગૃત કરવામાં આવે છે. પરંતુ શહેરના પ્રથમ નાગરિકના કાર્યાલય બહાર જ માસ્કની ઐસી તૈસી કરી દેવામાં આવી છે. બહાર ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડ હાથમાં ટેમ્પ્રેરેચર ગન લઈને ઉભા છે. આવતા મુલાકાતીઓ હેમખેમ છે કે કોરોનાના સંક્રમણમાં સપડાયા નથી તે જાણવાની મહત્વની જવાબદારી સંભાળતા આ સિક્યુરીટી ગાર્ડ પોતાની જ જવાબદારીથી અજાણ છે.

# જિલ્લાના ૨૦ ઉબડ ખાબડ માર્ગોનુ સમારકામ, ગાબડા પુરાતા નાગરિકોને રાહત

### મેટલ પેચવર્ક તેમજ કોલ્ડ મિક્સના ઉપયોગથી માર્ગોની સરફેસ યોગ્ય કરાઇ : ગાંધીનગર મહુડી માર્ગ પર કામ ચાલુ : અત્યંત ખરાબ રાંધેજા બાલવા માર્ગ પર પણ ગાબડા પુરાયા

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. સતત ઝરમર વરસતો વરસાદ ડામર માર્ગો માટે નુકશાનરૂપ બન્યો છે. જિલ્લાના ૨૦ જેટલા માર્ગો પૈકી મોટાભાગના રસ્તાઓનુ છેલ્લા પાંચ વર્ષથી પેવરકામ થયુ નથી. બીજીતરફ વરસાદના લીધે માર્ગો પર પેચીસ પડી ગયા હતા જયારે કેટલાક ઠેકાણે માર્ગો પર ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા હતા આવા સંજોગોમાં માર્ગ સલામતી પણ જોખમાઈ હતી. માર્ગ મકાન વિભાગ દ્વારા ઉબડ ખાબડ માર્ગોની દશા સુધારવામાં આવતા નાગરિકોને પણ રાહત થઈ છે.

ભારે વરસાદના લીધે શહેર સહીત જિલ્લાના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે જિલ્લામાં વિવિધ માર્ગો વરસાદના લીધે ઉબડ ખાબડ બન્યા છે. માર્ગો પર કેટલાક ઠેકાણે ગાબડા પણ જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં માર્ગ સલામતી પણ જોખમાઈ છે. જો કે માર્ગની દશા સુધારવા માટે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે અત્યાર સુધી મોટાભાગના માર્ગો પર ગાબડા પુરી દેવાયા છે. પાટનગર યોજના વિભાગના ડિવીઝન ૩ કક્ષાએથી જિલ્લાને જોડતા વિવિધ માર્ગોનુ પેચવર્ક હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્યત્વે જિલ્લાના વિવિધ ૨૨ માર્ગોને આવરી લેવાયા છે. આ માર્ગો પૈકી રાંધેજા બાલવા માણસા, કલોલ માણસા વિજાપુર, કોલવડા મોટીઆદરજ, કલોલ પાનસર વડુ, માણસા ઈટાદરા બોરુ, સહીતના માર્ગો પર પેચવર્ક કરવામાં આવ્યુ છે. જિલ્લાના આ વિવિધ માર્ગો પૈકી રાંધેજા બાલવા માર્ગની હાલત વધુ ખરાબ હતી આ માર્ગ પર પણ ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બને તેવા આશયથી તંત્ર દ્વારા પુરતી કામગીરી કરી દેવામાં આવી છે. જેના લીધે હાલ અવરજવર કરતા વાહનચાલકોને પણ રાહત થઈ છે. આ માર્ગો મોટાભાગે અંદાજિત પાંચ થી છ વર્ષ અગાઉ પેવરકામ થયુ હતુ જયારે છેલ્લા લાંબા સમયથી આ માર્ગોની દશા સુધારવા પેવર કામ પણ હાથ ધરવામાં આવ્યુ ન હતુ જેના લીધે વરસાદી દિવસોમાં માર્ગોની હાલત વધુ ખરાબ બની હતી. આવા સંજોગોમાં સતત વરસાદના લીધે માર્ગો પર પેચીસ પડવાની સાથે કેટલાક ઠેકાણે ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા હતા માર્ગોની દશા સુધારવા તંત્ર દ્વારા કેટલાક ઠેકાણે મેટલ પેચવર્ક તેમજ કોલ્ડ મિક્સનો ઉપયોગ કરી માર્ગોની હાલત સુધારવા પ્રયાસ કરાયો છે. જયારે હાલ ગાંધીનગર મહુડી માર્ગનુ પણ કામ ચાલી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં જિલ્લાને જોડતા અન્ય બાકી રહેતા માર્ગોની કામગીરી પણ પુર્ણ કરી દેવાશે.



શહેરમાં સતત ભારે વરસાદના લીધે સેકટરામાં વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. ખદબદતી ગંદકી વચ્ચે સેકટરોમાં બિનજરૂરી વનસ્પિત પણ ઉગી નિકળતા જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. સે-૬ માં પણ નવરાત્રી ચોકમાં સફાઈ કરવામાં આવી હતી. નવરાત્રી ચોકમાં ઉગી નિકળેલા ઘાસ અને વનસ્પિતને ટ્રેકટરની મદદથી દુર કરવામાં આવી હતી. શહેરના અન્ય સેકટરોમાં પણ વરસાદી દિવસોમાં બિનજરૂરી ઘાસ ઉગી નિકળતા અન્ય સેકટરોમાં પણ આ મુજબ સફાઈ થાય તે અનિવાર્ય છે.

# શહેરના સે-૨૨માં ૭૦ લાખના ખર્ચે ચ કક્ષાના આવાસોનુ રીનોવેશન કરાશે

### આવાસોના રીનોવેશનની સાથે જોખમી મકાનો ખાલી કરાવાની કામગીરી પણ મંદ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના સે-૨૨ માં ચ કક્ષાના આવાસોના રીનોવેશનનુ કામ ઝડપથી હાથ ધરાશે. સેકટરમાં જોખમી મકાનો ખાલી કરાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે રીનોવેશન હેઠળના મકાનોનુ પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. સે-૨૨ માં અંદાજિત ૭૦ લાખના ખર્ચે ત્રણ બ્લોકનુ રીનોવેશન કરાશે.

ગાંધીનગરમાં સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. ત્યારે ભયજનક આવાસો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં મોટાભાગના આવાસો જોખમી હાલતમાં છે. શહેરના જુના અને જોખમી મકાનો તોડવામા આવી રહ્યા છે. જયારે જુના આવાસોના સ્થાને નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. બીજીતરફ રીનોવેશન હેઠળ આવરી લેવાય તેવા મકાનોનુ પણ મજબુતીકરણ કરવામાં આવી રહ્યુ છે. જો કે છેલ્લા કેટલાક સમયથી રીનોવેશનની કામગીરી પણ મંદ પડી ગઈ છે. કોરોના કાળમાં લોકડાઉનના અંતે પણ હજુ રીનોવેશનની કામગીરીમાં ઝડપ આવી નથી. શહેરના સે-૨૨ માં સ્થિત ચ કક્ષાના ત્રણ બ્લોકના યુનિટોનુ રીનોવેશન કરવામાં આવશે આ કામગીરી પાછળ અંદાજિત ૭૦ લાખથી વધુ ખર્ચ કરાશે. શહેરમાં આવાસ રીનોવેશનની સાથે આવાસો ખાલી કરાવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જોખમી મકાનો હોવાછતા કેટલાક કીસ્સામાં રહીશો ઝડપથી મકાન ખાલી કરતા નથી જયારે જુના અને કંગાળ આવાસો ખાલી કરાવવા સહીત તોડવાની કામગીરીમાં પણ વિલંબ થઈ રહ્યો છે. ત્યારે આ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકો કરી રહ્યા છે. જેથી નવા આવાસોના આયોજનની કામગીરી પણ ઝડપી બની શકે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com